# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-07-2024** **Evening : 7.50 to 8.00**
**Day : SUNDAY** **National News**

**આકાશવાણી સમાચાર મિતલ પટેલ વાંચે છે.**

************************************************

- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મધ્યપ્રદેશના તમામ 55 જિલ્લામાં પ્રાઇમ મિનિસ્ટર કૉલેજ ઑફ એક્સેલન્સનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ વિદેશી રોકાણકારોએ પ્રથમ છ માસિક ગાળામાં ભારતીય બજારોમાં અંદાજે 24 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કર્યું .
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના વિશ્વિક નેતાઓએ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલા હુમલાને વખોડી કાઢ્યો.
- ✓ ઓડિશાના પૂરીમાં ભગવાન શ્રીજગન્નાથ મંદિરના રત્ન ભંડારના તમામ દ્વારા ખુલ્લા મૂકાયા, ભગવાનને અર્પણ કરાયેલી કીમતી વસ્તુઓની યાદી બનાવાશે
- ✓ અને આતંરાષ્ટ્રીય ટી20 શ્રેણીની પાંચમી મેચમાં ભારતે ઝિમ્બાબ્વેને ૪૨ રને હરાવ્યું.

**********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MP-SHAH COLLAGE

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે ઈન્દોરથી મધ્યપ્રદેશના તમામ 55 જિલ્લામાં પ્રાઇમ મિનિસ્ટર કૉલેજ ઑફ એક્સેલન્સનું ઉદ્ઘાટન કર્યું.

શ્રી શાહે જણાવ્યું હતું કે ,નવી શિક્ષણ નીતિનો હેતુ માત્ર ભારતીય વિદ્યાર્થીઓને આગામી 25 વર્ષ સુધી વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા માટે સજ્જ કરવાનો નથી પણ તેમને આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને ભાષાઓ સાથે ફરીથી જોડવાનો છે. ગૃહમંત્રીએ વધુમાં જણાવ્યું કે મધ્યપ્રદેશના તમામ 55 જિલ્લાઓમાં પ્રાઇમ મિનિસ્ટર કૉલેજ ઑફ એક્સેલન્સની સ્થાપના કરવાની પહેલનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ઉત્તમ અને ઉચ્ચ-ગુણવત્તાનું શિક્ષણ આપવાનો છે. શ્રી શાહે નવી શિક્ષણ નીતિનો અમલ કરવા માટે અને તબીબી તેમજ એન્જિનિયરિંગ અભ્યાસ હિન્દીમાં શરૂ કરવા બદલ મધ્યપ્રદેશ સરકારની પ્રશંસા કરી, જેનાથી આર્થિક રીતે વંચિત પરિવારોના બાળકોને ફાયદો થયો છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ડો.મોહન યાદવે પણ ભાગ લીધો હતો.

# INDIA FOREIGN INVESTMENT

વિદેશી રોકાણકારોએ જુલાઈ સુધીના પ્રથમ છ માસિક ગાળામાં ભારતીય બજારોમાં અંદાજે 24 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. ડિપોઝિટરીએ જાહેર કરેલા આકંડાઓ પ્રમાણે વિદેશી પોર્ટફોલિયો રોકાણ એટલે કે FPI એ ઇક્વિટીમાં 15 હજાર, 352 કરોડ રૂપિયા અને ઋણ બજારમાં 8 હજાર, 484 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. આમ 12 જુલાઈ સુધી ભારતીય મૂડી બજારમાં કુલ વિદેશી રોકાણ વધીને 23 હજાર, 836 કરોડને પાર થયું છે.

# PAKAGED FOOD AMEDMENT

ઉપભોક્તા વિભાગે પેકેટમાં મળતી વસ્તુઓમાં સામ્ય જળવાઈ રહે તે હેતુથી લીગલ મેટ્રૉલૉજી (પેકેજ્ડ કોમોડોટિઝ) કાયદો, 2021માં સંશોધનનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. જેમાં ઓફલાઇન અને ઓનલાઇન બંને રીતે છૂટક વસ્તુઓના વેચાણ માટે પેકેટમાં મૂકતી તમામ વસ્તુઓ પર અનિવાર્ય માહિતી પ્રકાશિત કરવાનો પ્રસ્તાવ છે.

ઉપભોક્તા કાર્ય, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે કાયદામાં સુધારાથી પેકેટમાં મળતી વસ્તુઓના માપદંડો અને જરૂરિયાતમાં સમાનતામાં મદદ મળશે. જેથી વિવિધ બ્રાન્ડ તેમજ ઉત્પાદનોમાં સ્થિરતા અને નિષ્પક્ષતાને પ્રોત્સાહન મળશે. મઁત્રાલયે વધુમાં જણાવ્યું છે કે તેનાથી ઉપભોક્તાને વસ્તુ વિશેની તમામ માહિતી મળતા પસંદી કરવાનો અધિકાર મળશે.

જોકે આ નવો નિયમ ઔદ્યોગીક ઉત્પાદકો અથવા સંસ્થાગત ઉપભોક્તાઓને લાગુ નહીં પડે. આ માટે 29 જુલાઈના રોજ હિત ધારકોની એક બેઠક રાખવામાં આવી છે.

# DONALD TRUMP

વિશ્વિક નેતાઓ એ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલા હુમલાને વખોડી કાઢ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્ટોનિયો ગુટરેસે હુમલાને રાજકીય હિંસા ગણાવતા તેની ટિકા કરી છે. તેમણે ડોનાલ્ડ ટ્રમ્પના ઝડપી સ્વસ્થ થવા અંગે પ્રાર્થના કરી.

અમેરિકાના ઉપ-રાષ્ટ્રપતિ કમલા હેરિસે રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ટ્રમ્પ પર થયેલા હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે દેશમાં આ પ્રકારની હિંસાને કોઈ સ્થાન નથી.

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ કહ્યું છે કે આપણા લોકતંત્રમાં રાજકીય હિંસા માટે કોઈ સ્થાન નથી.

પ્રધાનમંત્રી મોદીએ પણ હુમલાને વખોડી કાઢતા લખ્યું છે કે લોકશાહીમાં આવી હિંસાને કોઈ સ્થાન નથી.

આ તરફ બ્રિટનના પ્રધાનમંત્રી કીર સ્ટાર્મરે હુમલા અંગે દુ:ખ વ્યક્ત કરતા સોશિયલ મીડ઼િયા પોસ્ટમાં લખ્યું છે કે કોઈ પણ પ્રકારની રાજકીય હિંસાને આપણા સમાજમાં સ્થાન નથી.

ઇટલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીએ સોશિયલ મીડિયા પોસ્ટ પર ચિંતા વ્યક્ત કરતા લખ્યું છે કે ચૂંટણી અભિયાન દરમિયાન નફરત અને હિંસાને સંવાદ તેમજ જવાબદારીથી ખતમ કરી શકાય છે.

ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુ ટ્રમ્પ પર થયેલા હુમલાથી સ્તબ્ધ છે. તેમણે એક પોસ્ટમાં ટ્રમ્પની સુરક્ષા અને ત્વરીત સ્વસ્થ થવા અંગે પ્રાર્થના કરી છે.

# TRUMP ATTACK

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઉપર ચૂંટણી પ્રચાર દરમિયાન હુમલો થતાં તેઓ ઘવાયા હતા. પેન્સિલવેલિયામાં એક ચૂંટણીસભા દરમિયાન અજાણ્યા શખ્સે તેમની ઉપર ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે એકને ગંભીર ઈજા થવા પામી છે. સુરક્ષાકર્મીઓએ ત્વરિત કાર્યવાહી કરતા બંદૂકધારીને ઠાર માર્યો હતો. હુમલા દરમિયાન ટ્રમ્પના કાનના ઉપરના ભાગે ઈજા થઈ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર ટ્રમ્પ હાલ સુરક્ષિત છે.

ડોનાલ્ડ ટ્રમ્પે એક નિવેદનમાં ગૃપ્ત સેવા અધિકારીઓ તેમજ અન્ય અધિકારીઓની કામગીરીની પ્રશંસા કરી છે. તેમણે નિવેદનમાં કહ્યું છે કે એક ગોળી તેમના કાનના ઉપરના ભાગે અઁથડાઈને નીકળી ગઈ.

રાષ્ટ્રપતિ જો બાઇડને આ ઘટનાની નિંદા કરી હતી અને ટ્રમ્પના સુરક્ષિત બચાવ માટે ગુપ્ત સેવા અધિકારીઓની પ્રશંસા કરી હતી.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી

શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# BIRLA- INDIAN DIASPORA

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ રશિયાના મોસ્કોમાં ભારતીય સમુદાયને સંબોધતાં જણાવ્યું હતું કે, વિદેશમાં રહેતા ભારતીયો ભારતના વિકાસ અને આધુનિકીકરણમાં અભિન્ન ભાગીદાર છે. તેમણે ભારતમાં રાષ્ટ્રનિર્માણમાં તેમના નોંધપાત્ર યોગદાન માટે ભારતીય સમુદાયની પ્રશંસા કરી.

રશિયામાં વસતા ભારતીયોને શ્રી બિરલા એ તેમના કાર્યો, યોગદાન અને સિદ્ધિઓ દ્વારા ભારતની છબીને આકાર આપનારા રાજદૂત ગણાવ્યા હતા . શ્રી બિરલાએ ભારતીય સમુદાયને રશિયામાં તેમની માતૃભૂમિને સક્રિયપણે ઉજાગર કરવા અને બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા પ્રોત્સાહિત કર્યા. ભારત-રશિયા સંબંધો અંગે, શ્રી બિરલાએ તેના પરસ્પર વિશ્વાસ અને આદરના પાયા પર ભાર મૂક્યો હતો, અને બંને દેશોએ પડકારના સમયમાં સતત એકબીજાને ટેકો આપ્યો છે. શ્રી બિરલા રશિયામાં ગત 12મીજુલાઇ એ પૂરા થયેલા રશિયામાં 10મા BRICS પરિષદમાં ભારતીય સંસદીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા હતા.

# BHUBANESWAR JAGANNATH

ઓડિશાના પૂરીમાં ભગવાન શ્રી જગન્નાથ મંદિરના ખજાના એટલે કે રત્ન ભંડારના તમામ દ્વાર આજે ખોલવવામાં આવ્યા. એક વિશેષ દળે રત્ન ભંડાર ખોલ્યા, જેને છેલ્લે 1985માં ખોલવામાં આવ્યા હતા. જ્યારે કે ભગવાનને અર્પણ કરાયેલા આભૂષણો તેમજ અન્ય કિમતી વસ્તુઓની યાદી છેલ્લે 1978માં બનાવવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા જરૂરી પ્રક્રિયા બાદ આ રત્નભંડાર ખુલ્લા મકાયા. આ આખીય પ્રક્રિયાનું વીડિયો રેકોર્ડિંગ કરાઈ રહ્યું છે. શ્રી જગન્નાથ મંદિરમાં આભૂષણો વાળી પેટીઓ રખવા માટે ભારે સુરક્ષા સાથેના સ્ટ્રોન્ગ રૂમ  બનાવાયા છે. આ તમામ રત્નભંડારોની ખાસ યાદી તૈયાર કરાશે.

ઉલ્લેખનીય છે કે શ્રી જગન્નાથ મંદિરના રત્ન ભંડારના અંદરના રૂમમાં હિરા, સોના, કિંમતી રત્નો સહિત દુર્લભ આભૂષણોનો સંગ્રહ છે. સદીઓથી ભક્તો, રાજાઓ દ્વારા ભગવાનને દાન કરવામાં આવેલા આ ખજાનાને સંરક્ષિત કરાયો છે.

# DAY-WIMBLEDON FINAL

વિમ્બલ્ડન ટેનિસની પુરુષ સિંગલ્સની ફાયનલ લંડનમાં વિશ્વના બીજા નંબરના નોવાક જોકોવિચ ઇંગ્લેન્ડના ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ રમાઇ રહી છે.

વિમ્બલ્ડનની ફાઇનલમાં સ્પેનના અલ્કારાઝનું આ બીજું પ્રદર્શન છે, જ્યારે સર્બિયન નોવાક જોકોવિચ સાત વખત ચેમ્પિયન બન્યા છે. જોકોવિચ આઠ વિમ્બલ્ડન મેન્સ સિંગલ ટાઇટલના રોજર ફેડરરના રેકોર્ડની બરોબરી કરવા માટે પ્રયત્ન કરશે.

મિક્સ ડબલ્સની ફાઇનલમાં સાતમી ક્રમાંકિત પોલિશ-તાઇવાનની જોડી જાન ઝિલિન્સ્કી અને હસિહ સુ-વેઇનો સામનો મેક્સિકન જોડી સેન્ટિયાગો ગોન્ઝાલેઝ અને જિયુલિયાના ઓલ્મોસનો થશે.

ગઈકાલે સાંજે, ચેક રિપબ્લિકની બાર્બોરા ક્રેજિકોવાએ ઈટાલીની જાસ્મિન પાઓલિનીને 6-2, 2-6, 6-4થી હરાવીને તેનું પ્રથમ વિમ્બલ્ડન મહિલા સિંગલ્સ ટાઈટલ જીત્યું હતું.

# EVE- INDIA-ZIMBABWE T20

**ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે રમાયેલી** પુરુષ આંતરરાષ્ટ્રીય ટી20 ક્રિકેટની પાંચ દિવસીય શ્રેણીની અંતિમ મેચમાં ભારતે ઝિમ્બાબ્વેને 42 રનથી હરાવ્યું છે.

ઝિમ્બાબ્વેના હરારે સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ઝિમ્બાબ્વેની ટીમે ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતીય કેપ્ટન શુભમન ગિલના નેતૃત્વમાં મેદાનમાં ઉતરેલી ટીમ ઇન્ડિયાએ 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 167 રન બનાવ્યા હતા.

168 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ઝિમ્બાબ્વની ટીમે 18.3 ઓવરમાં 125 રન બનાવીને ઑલઆઉટ થઈ હતી.

# REV. MAHA-RAIN

હવામાન વિભાગે કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. દરમિયાન સતારા, સિંધુદુર્ગ, રસ્તનાગીરી અને થાણેમાં રેડ અલર્ટ જાહેર કરાયું છે.

આકાશવાણી મુંબઈના અમારા સંવાદદાતા ભાવના ગોખલે જણાવે છે કે ગત શનિવારથી સિંધુદુર્ગમાં સતત વરસાદ વરસી રહ્યો છે. આગામી બે દિવસમાં ભારે વરસાદીની આશંકાને  જોતા રેડ અલર્ટ જાહેર કરાયું છે. જિલ્લાના કાંઠા વિસ્તારોમાં 45 થી 55 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. સ્થિતિને જોતા સિંધુદુર્ગમાં NDRFની ટુકડીઓ તૈનાત કરાઈ છે. જિલ્લા કલેક્ટરે કાંઠા વિસ્તારમાં લોકોને દરિયાથી દૂર રહેવાની સૂચના જાહેર કરી છે.